અરવલ્લી જિલ્લામાં આયોજનનાં વિકાસલક્ષી રૂ.૧૦૧૦.૬૫ લાખના કામ મંજૂર કરાયા

જિલ્લા પ્રભારી મંત્રીની અધ્યક્ષતામાં આયોજન મંડળની બેઠક યોજાઈ, જિલ્લા આયોજન અધિકારી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

અરવલ્લી જિલ્લા આયોજનની ગત રોજ વિવાદિત બનેલી બેઠકમાં રૂ.૧૦૧૦.૬૫ લાખના ૭૪૯ વિકાસલક્ષી કામ મંજૂર કરવામાં આવ્યાનું જિલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહજી ડાભીએ જણાવ્યું છે. પ્રભારી મંત્રી રમણલાલ પાટકરના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આયોજનની બેઠકમાં પેવર બ્લોક, ડીપ, ગરનાળા, સી.સી.રોડ, પ્રોટેકશન વોલ, કમ્પાઉન્ડ વોલ, સ્મશાન ગૃહ, પીવાના પાણી, સ્ટ્રીટ લાઈટ વગેરેના કામો મંજૂર કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગત રોજ જિલ્લા સેવા સદનમાં પ્રભારી મંત્રી રમણલાલ પાટકરની અધ્યક્ષતામાં લોકપ્રતિનિધિઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં આયોજન અંગેની બેઠક યોજાઈ જેમાં કોંગ્રેસના ધારાસભ્યોએ પોતાના કામો નામંજૂર થતા હોવાના આરોપ સાથે મોરચો માંડ્યો હતો. આયોજનની બેઠકમાં ૬ તાલુકાના આયોજન મંજૂર કરવામાં આવ્યા હતા. જિલ્લા આયોજન અધિકારીએ જણાવ્યું કે આયોજન મંડળની બેઠકમાં ૬ તાલુકાનું આયોજન તેમજ જિલ્લા કક્ષા સહિતના કામોની પ્રભારી મંત્રી દ્વારા મંજૂરી આપવામાં આવી છે. બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલે કાર્યવાહી નોંધમાં પોતાની સહી તાલુકા આયોજન સમિતિ દ્વારા લેવામાં આવતી ન હોવા બાબતે તેમજ તેમને સૂચવેલા કામોમાં ફેરફાર કરવા બાબતે જિલ્લા આયોજન મંડળ અધ્યક્ષને રજૂઆત કરતાં અધ્યક્ષ દ્વારા આ અંગે તાલુકા પંચાયત પ્રમુખ માલપુરને પૃચ્છા કરતાં તાલુકા પંચાયત પ્રમુખે આ કામોમાં કોઈ ફેરફાર નહીં કરી ધારાસભ્ય દ્વારા સૂચવેલા કામોને પણ તાલુકા આયોજન સમિતિએ મંજૂરી આપી છે તેમ જણાવી ધારાસભ્યએ સૂચવેલા અને મંજૂર કરેલા કામોની યાદી રજૂ કરી નકલ આપી હતી. જેમાં કોઈ અન્યાય થયો ન હોવાનું અધ્યક્ષ દ્વારા મોડાસા, ભિલોડા, મેઘરજ, માલપુર, ધનસુરા, બાયડ તાલુકાના આયોજન સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલ તમામ ૭૪૯ કામોને મંજૂર કરવામાં આવતાં સર્વાનુમતે મંજુરી આપવામાં આવી છે.

કોવિડ મહામારીમાં રાજ્ય સરકારે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપી : જિલ્લા આયોજન અધિકારી

બાયડ : અરવલ્લી જિલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભીએ જણાવ્યું કે કોરોના મહામારીના કારણે રાજ્ય સરકાર દ્વારા કરોડોની ગ્રાન્ટ રાજ્યની જનતાના જાહેર આરોગ્યની સુરક્ષા માટે ખર્ચવામાં આવી છે તેવા સમયે પણ રાજ્યની પ્રજાને સુવિધાયુક્ત જીવન મળે અને પાયાની માળખાગત સુવિધાઓથી કોઈ વંચિત ન રહે, પ્રજાની સુખાકારીમાં વધારો થાય માટે ચિંતા કરી કરોડો રૂપિયાની ગ્રાન્ટ વિકાસલક્ષી કામો માટે રાજ્યના તમામ જિલ્લાને ફાળવવા બદલ રાજ્ય સરકારની પ્રસંશા થવી જોઈએ તેમ જણાવ્યું.

ત્રીજા પક્ષને ગુજરાતમાં સ્થાન નથી

અરવલ્લીની મુલાકાતે અલ્પેશ ઠાકોર, સાકરીયા હનુમાનજી મંદિર, શામળાજી મંદિરના દર્શન કર્યા

મુખ્યમંત્રી બનવા માટે સમાજના આગેવાનો લાગણી વ્યક્ત કરે તેમાં કાંઈ ખોટું નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

ગુજરાતમાં વર્ષ-૨૦૨૨માં યોજાનારી વિધાનસભા ચૂંટણી અગાઉ આમ આદમી પાર્ટીએ મક્કમતાથી ચૂંટણી લડવાનો ટંકાર કર્યો છે ત્યારે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના પ્રદેશ પ્રમુખ અલ્પેશ ઠાકોર બુધવારે અરવલ્લી જિલ્લાની મુલાકાતે હતા. સાકરીયા હનુમાનજી મંદિર તેમજ શામળાજી મંદિરમાં દર્શન કર્યા હતા. સમાજના આગેવાનો અને ઠાકોર સેનાના કાર્યકરો સાથે બેઠક યોજી માત્ર શુભેચ્છા મુલાકાત હતી. દરેકે કોરોના રસીકરણનો લાભ લેવો જોઈએ તેવી જાગૃતતા લાવવા માટે આવ્યાનું જણાવ્યું હતું. તાજેતરમાં જ ખોડલધામના પ્રમુખ નરેશભાઈ પટેલે પાટીદાર મુખ્ય મંત્રી બનવો જોઈએ તેવા નિવેદન અંગે પત્રકાર દ્વારા પૂછાયેલા જવાબમાં તે એક સામાજીક લાગણી વ્યક્ત કરી હતી અને કોઈપણ સમાજ તેવી લાગણી વ્યક્ત કરે તેમાં ખોટું નથી તેમ જણાવી આપ ના આગમનથી ગુજરાતમાં કોઈ ફેર પડશે નહીં. ત્રીજા પક્ષને ગુજરાતમાં સ્થાન નથી તેમ જણાવ્યું હતું.

મુખ્ય રાજકીય પક્ષો સહિત અન્ય રાજકીય પક્ષોએ વર્ષ-૨૦૨૨માં યોજાનારી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી ઉપર અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી છે. ભાજપ-કોંગ્રેસના અનેક અસંતુષ્ટો માટે આમ આદમી પાર્ટીનું આગમન ભલે આનંદદાયક લાગે પરંતુ ભૂતકાળમાં રાજપા સહિત અન્ય પક્ષોના પણ બુરા હાલ જગજાહેર છે. ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના પ્રદેશ પ્રમુખ અલ્પેશ ઠાકોર એક દિવસની અરવલ્લીની મુલાકાતે હતા જેથી તેમની મુલાકાતને લઈને સવારથી રાજકીય ગરમાવો જોવા મળ્યો પરંતુ અપેક્ષા વચ્ચે અલ્પેશ ઠાકોરે ખુબ જ શિફ્તપૂર્વક પોતાની મુલાકાતનો ઉદ્દેશ્ય જણાવ્યો હતો. પરંતુ ઠાકોર સેનાનું સંગઠન વધુ મજબૂત બને તે બાબત ઉપર ખાસ ભાર મૂક્યો છે જેની ભાજપ દ્વારા પણ ઉંડાણપૂર્વક નોંધ લેવાઈ હશે. વિધાનસભાની પેટાચૂંટણી હાર્યા પછી અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલા હોંશિયામાં ધકેલાયા છે તેવી છબી ઉભી થઈ છે આ સંજોગોમાં અલ્પેશ ઠાકોરની અરવલ્લી જિલ્લાની મુલાકાત ઘણી સૂચક મનાય છે.

રેસ્ટહાઉસ ખાલી કરવા વારંવાર રીમાઈન્ડર : મોડાસાના બંધ વૈડી રેસ્ટહાઉસમાં ચોકીદારની તૈનાતીથી આશ્ચર્ય

બદલી થયેલા કલેક્ટરના સામાનની દેખરેખ માટે પૈસાનો ધુમાડો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

અરવલ્લીમાં સ્ટેટ સિંચાઈ વિભાગ હસ્તકના બંધ વૈડી રેસ્ટહાઉસમાં છેલ્લા ૩ વર્ષ કરતાં પણ વધુ સમયથી ચોકીદારની તૈનાતીથી આશ્ચર્ય થયું છે. લોકચર્ચા તો એવી છે કે બદલી થયેલા કલેક્ટરના સામાનની દેખરેખ માટે સરકારી પૈસે ધુમાડો થઈ રહ્યો છે. વિભાગના જવાબદાર અધિકારીઓ અને સર્કલ દ્વારા વૈડી રેસ્ટહાઉસ ખાલી કરવા માટે કલેક્ટર કચેરીમાં વારંવારના રીમાન્ડર છતાં કોઈ જવાબ મળતો નથી. બદલી થયેલા કલેક્ટર જ સરકારી મિલ્કતમાંથી સામાન લઈ જતા ન હોય તો પછી અન્યોને બોધપાઠ આપવાનો તેમને કોઈ અધિકાર નથી..!!

નવરચિત અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધીમાં ૫ કલેક્ટરોની નિયુક્તિ થઈ. નવો જિલ્લો બન્યો એટલે અધિકારીઓને રહેઠાણ માટે સુવિધા ન હતી જેના કારણે જે તે સમયે મોડાસાની બહેરા-મૂંગા સ્કુલ પાસે આવેલ સ્ટેટ જિલ્લા પંચાયત હસ્તકના વૈડી રેસ્ટહાઉસમાં જિલ્લા કલેક્ટરને નિવાસસ્થાન ફળવાયું અને ત્યાં જિલ્લા કલેક્ટર નિવાસ કરતા હતા. ત્યાર પછી મોડાસા બાયપાસ રોડ ઉપર નવું સુવિધાયુક્ત કલેક્ટર નિવાસસ્થાન તૈયાર કરવામાં આવ્યું જ્યાં બદલી થઈને આવતા કલેક્ટર નિવાસ કરી રહ્યા છે. પરંતુ જ્યાં આશ્ચર્ય વચ્ચે હજુ સુધી વૈડી રેસ્ટહાઉસ બંધ રાખવામાં આવ્યું છે અને તેની ચોકીદારી માટે કર્મચારી નિયુક્ત કરાયા છે. બિનસત્તાવાર બહાર આવતી વિગતો અનુસાર ૨ થી ૩ વર્ષ અગાઉ બદલી થયેલા કલેક્ટરનો સામાન વૈડી રેસ્ટહાઉસમાં બંધ હોવાથી ચોકીદાર તૈનાત કરાયો છે. રાજ્યના મહેસૂલ વિભાગ અને રાજ્ય સરકારે પણ આ મુદ્દે ગંભીર નોંધ લઈ વૈડી રેસ્ટહાઉસમાં બદલી થયેલા કલેક્ટરનો સામાન હોય તો તે લઈ જવા માટે આદેશ કરવો જોઈએ અને ચોકીદારના ખોટા ખર્ચના ભારણથી સરકારની તિજોરીને રાહત આપવી રહી.

જંગના એંધાણ : ડેમાઈ ગામતળ-ગૌચરમાં ભૂમાફીયાઓના દબાણો મુક્ત કરાવો

રાજ્ય સરકાર, જિલ્લા વહીવટી તંત્રને રજૂઆત થઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

સરકાર દ્વારા ભૂમાફીયાઓ સામે કાર્યવાહી કરવા લેન્ડ ગ્રેબિંગ એક્ટ અમલમાં આવ્યો છે પરંતુ બાયડ તાલુકામાં ક્યાંક ને ક્યાંક વહીવટી તંત્ર અને પોલીસની ઢીલી નીતિથી અનેક અરજદારોને લાભ મળ્યો નથી. કેટલાક કિસ્સાઓમાં તો તંત્ર લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ કેસ બનતો નથી તેવા રિપોર્ટ કરી રહ્યું છે. બાયડ તાલુકાના ડેમાઈ ગામની ગામતળ તથા ગૌચર જમીનમાં ભૂમાફીયાઓએ અડીંગો જમાવ્યો છે. જેથી ભૂમાફીયાઓના દબાણો મુક્ત કરવા સ્થાનિક એક્ટિવિસ્ટ દિનેશ નરસિંહભાઈ પટેલ સહિત ૫ અરજદારોએ મુખ્ય મંત્રી કાર્યાલય તેમજ જિલ્લા વહીવટી તંત્રને લેખિત રજૂઆત કર્યાનું જાણવા મળ્યું છે.

તંત્રને કરવામાં આવેલી લેખિત અરજીમાં જણાવ્યા અનુસાર ગ્રામ પંચાયત વિસ્તારની ૧૫,૦૦૦ની માનવ વસતી છે. મોટાભાગના પરિવારો પશુપાલનના વ્યવસાય ઉપર નભી રહ્યા છે. પરંતુ મૂંગા પશુઓ માટેનું ગૌચર અને ગામતળની જમીન ભૂમાફીયાઓએ હડપ કરી લીધી છે. તંત્ર દ્વારા ડેમાઈ ગ્રામ પંચાયત વિસ્તારની ગામતળ અને ગૌચર જમીનનો ફરીથી સર્વે થાય તો કેટલી જમીન ઉપર દબાણ થયું છે..?? તેની વિગતો સામે આવે. સર્વે કરાવો ત્યારે અમો અરજદારોને પણ સાથે રાખવાની માંગ કરી છે. ગામતળ, ગૌચરના દબાણો દૂર કરવા માટે ઉપવાસ ઉપર બેસવા માટે મંજૂરી માંગવામાં આવી પરંતુ તંત્ર દ્વારા સમજાવટ કરીને ઉપવાસ આંદોલન મોકુફ રખાવ્યું હતું પરંતુ હવે મૂંગા પશુઓ માટે પણ ગૌચર અને ગામતળનાં દબાણો દૂર કરવામાં આવે તેવી માંગ કરી છે. આ અંગે સત્વરે યોગ્ય ઉકેલ નહીં આવે તો અરજદારો અને અનેક પશુપાલકો તંત્ર સામે જંગ છેડશે.

દબાણ અંગેની ફરિયાદની તપાસ ચાલુ છે : તલાટી કમ મંત્રી

બાયડ : ડેમાઈ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી અલ્પેશભાઈ ચૌધરીએ જણાવ્યું કે ગામતળ અને ગૌચરમાં દબાણ અંગેની લેખિત ફરિયાદ મળી છે અને તે અંગે સર્કલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. ઉચ્ચ કક્ષાએથી આદેશ થશે તે પ્રમાણે જરૂરી કાર્યવાહી થશે.

શ્રી હિંમત હાઈસ્કુલ, હિંમતનગરમાં શુભેચ્છા અને વિદાય સમારંભ યોજાયો

હિંમતનગર, તા. ૧૬

શ્રી હિંમત હાઈસ્કુલ, હિંમતનગરમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી વયમર્યાદાના કારણે ગણિત વિષયના શિક્ષક કે.એમ.પટેલનો શુભેચ્છા અને વિદાય સમારંભ યોજાઈ ગયો. જેમાં તમામ સ્ટાફ મિત્રો

હાજર રહ્યા હતા. આ પ્રસંગે સ્ટાફ પરિવાર વતીથી તેમને મોમેન્ટો, શ્રીફળ અને કવર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી એસ.એસ.પટેલ, સુપરવાઈઝર એન.બી.પટેલ, એસ.કે મનાત, પ્રાથમિક વિભાગના આચાર્ય સુનિલભાઈ પ્રજાપતિ, વહિવટી વિભાગમાંથી પ્રવીણભાઈ પટેલ હાજર રહ્યા હતા. આ પ્રસંગે યોજાયેલી સ્ટાફ પાર્ટીના દાતા એમ.જે.પટેલ અને એસ.એસ.સોલંકીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. કે.એમ.પટેલ સાહેબ સુંદર પ્રવચન કર્યું હતું તેમજ આચાર્યએ પ્રસંગને અનુરૂપ સંબોધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન સ્ટાફ સેકેટરી પી.જે.મહેતા તથા કારોબારી સભ્યોએ કર્યું હતું.

ગાંભોઈ સેફ્રોન વિલાઝમાં ૮૦૦ છોડનું વૃક્ષારોપણ કરાયું

ગાંભોઈ, તા.૧૬

હિંમતનગર તાલુકાના નેશનલ હાઈવે નંબર ૮ પર આવેલ ગાંભોઈ ગામે ભિલોડા રોડ પર આવેલ વિકસિત વિસ્તાર ગણાતા સેફરોન વિલાજ સોસાયટીમાં બુધવારના રોજ અગ્રણી બિલ્ડર નરેશભાઈ લેવાની ઉપસ્થિતિમાં વિવિધ તળાવ ઝાડના ૮૦૦ છોડનો વૃક્ષારોપણ સોસાયટીમાં કરવામાં આવ્યું હતું આ પ્રસંગે સોસાયટીના સ્થાનિક અગ્રણીઓ નટુભાઈ રામી, જશુભાઈ ચૌધરી, વિનુસિંહ પરમાર, નટવરભાઈ પટેલ, હરેન્દ્રસિંહ કુંપાવત, વિશાલભાઈ મહારાજ, રવિ નાયી, સ્મિત કુંપાવત વગેરે હાજર રહી વૃક્ષોનું જતન કરી પર્યાવરણને શુદ્ધ બનાવવાના સંકલ્પ લઈ દઉ ને વધુ વૃક્ષો વાવી તેનું જતન કરવાનો સંદેશો આપ્યો હતો.

ધનસુરાના ડેપ્યુટી સરપંચ જિજ્ઞેશભાઈ પટેલના પિતા અને ધનસુરાના અગ્રણીનું નિધન

ગામના અગ્રણીના નિધનથી ગામમાં શોકની લાગણી



ધનસુરા, તા. ૧૬

ધનસુરા ના ડેપ્યુટી સરપંચ જિજ્ઞેશભાઈ પટેલ ના પિતા અને ધનસુરા ના અગ્રણી નું નિધન ધનસુરા ના ડેપ્યુટી સરપંચ જિજ્ઞેશભાઈ પટેલ ના પિતા સુરેશભાઈ મગનભાઈ પટેલ નું નિધન થયું હતું તેઓ ગામના અગ્રણી હતા સાથે સ્પષ્ટ વક્તા પણ હતા સુરેશભાઈ પટેલ તમામ સમાજ ના લોકો માં આગવું સ્થાન ધરાવતા હતા તેઓ ના નિધન થી ધનસુરા પંથક ને એક આગેવાનની ખોટ પડી છે તેમના નિધન થી ગામમાં દુ:ખ ની લાગણી ફેલાઈ હતી સાથે સૌ અગ્રણીઓ એ શ્રધ્ધાંજલિ પાઠવી હતી અને પરમાત્મા તેમની આત્મા ને શાંતિ આપે તેવી પ્રાર્થના કરી હતી.

પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે સામાન્ય સભા બેઠક યોજાઈ

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા પંચાયત કચેરી ખાતે સામાન્ય સભા યોજાઈ હતી જેમા પ્રાંતિજ સિવિલ ખાતે ઓક્સિજન પ્લાન્ટ માટે ૨૦ લાખ રૂપિયા સર્વાનુમતે ફાળવવામા આવ્યા .

પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે તાલુકા પ્રમુખ વર્ષાબેન દિલીપસિંહ મકવાણા ના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી જેમા કારોબારી અધ્યક્ષ કે.પી.પટેલ , તાલુકા વિકાસ અધિકારી નીતીનભાઇ પટેલ, તાલુકા વિકાસ અધિકારી એ.એચ.સોલંકી , સીડીપીઓ સહિત તાલુકા સદસ્યો ઉપસ્થિત રહ્યા તો સામાન્ય સભા મા વિવિધ કામો અંગેની ચર્ચાઓ કરવામા આવી હતી તો પંદર મા નાણાપંચ માંથી ફાળવેલ રકમ માંથી પ્રાંતિજ સિવિલ ખાતે ઓક્સિજન પ્લાન્ટ માટે ૨૦ લાખ રૂપિયા સર્વાનુમતે મંજુર કરવામા આવ્યા હતા તો એજન્ડા મુજબ ના કામો અંતર્ગત આરોગ્ય તેમજ ચોકીદાર નો કોન્ટ્રાકટ આપવા તથા બોર નુ સમારકામ , ધ્વજવંદન માટે પથ્થર ની વેદી બનાવવા તેમજ વિવિધ કામોને સર્વાનુમતે મંજુર કરવામા આવ્યા હતા તો તાલુકા વિકાસ અધિકારી નિતીનભાઇ પટેલે વિવિધ મુદ્દાઓ અંગે માર્ગદર્શન આપ્યુ હતુ તો તમામ તાલુકા સદસ્યો બેઠક મા ઉપસ્થિત રહ્યા હતા.

ડેમાઈમાં લઘુમતી સમાજ માટે કબ્રસ્તાન માટે જમીન ફાળવો

ગ્રામ પંચાયતને આવેદનપત્ર અપાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

બાયડ તાલુકાના ડેમાઈમાં લઘુમતી સમાજ માટે કબ્રસ્તાન માટે જમીનની માંગ બુલંદ બની છે. લઘુમતી સમાજના કેટલાક લોકોએ આ મુદ્દે ડેમાઈ ગ્રામ પંચાયતમાં આવેદનપત્ર આપ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાના ડેમાઈ પંથકમાં લઘુમતી સમાજ માટે આજદિન સુધી કબ્રસ્તાન માટે ફાળવવામાં આવી નથી. જેથી ગામના વહોરા, લુહાર, સુથાર, મનસૂરી, શેખ સમાજના આગેવાનોએ ડેમાઈ ગ્રામ પંચાયતની લાંક રોડ ઉપર ગામથી અડધો કી.મી. દૂર આવેલ સરકારી પડતર જમીન સર્વે નં.૧૪૦૪ આવેલો છે. જેમાં ૭/૧૨ ના ઉતારામાં લોકલ બોર્ડની માલિકનો ઉલ્લેખ થયેલ છે. જેથી લઘુમતી મુસ્લિમ સમાજના ૭૦ પરિવારો ડેમાઈ ગામમાં વર્ષોથી વસવાટ કરી રહ્યા છે તેમને સદર જમીનમાં કબ્રસ્તાન માટે જમીન ફાળવવી જોઈએ તેવી માંગ કરી છે. લઘુમતી સમાજને કબ્રસ્તાન માટે જમીન ફાળવવામાં આવશે તો ભરવાપાત્ર થતી રકમ ભરવાની તૈયારી દર્શાવવામાં આવી છે. ગ્રામ પંચાયત ઉપરાંત જિલ્લા પ્રભારી મંત્રી અને મુખ્ય મંત્રીને પણ પત્ર લખી કબ્રસ્તાનના અભાવે પડતી તકલીફને ધ્યાને લઈ સત્વરે સરકાર દ્વારા જમીન ફળવાય તેવો અનુરોધ કર્યો છે.

ધનસુરાના શીકા ગામે ખેતરમાંથી ઈલેક્ટ્રિક મોટરની ચોરી કરતા ફરિયાદ

મોટરો વાયર સહિત ૩૩,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરતા ફરિયાદ

ધનસુરા, તા. ૧૬

ધનસુરાના શીકા ગામે ખેતરમાંથી ઈલેક્ટ્રિક મોટર ની ચોરી કરતા ફરિયાદ નોંધાઈ છે મોટરો વાયર સહિત ૩૩,૦૦૦ ના મુદ્દામાલ ની ચોરી કરતા ફરિયાદ શીકાના મુકુન્દભાઈ વિરમભાઈ પટેલના ખેતરમાં ખેતી નું કામ કરતા ત્રણ લોકો એ બે મોટર અને કેબલ વાયર સહિત ૩૩,૦૦૦ની મત્તાની ચોરી કરી હતી આ ત્રણ લોકો એ ખેતરની કુવાની ૫ હોર્સ પાવર અને સાડા સાત હોર્સ પાવર ની ઈલેક્ટ્રિક મોટર કિંમત ૩૦,૦૦૦ અને કેબલ વાયર કિંમત ૩૦૦૦ થઈ કુલ ૩૩,૦૦૦ની મત્તાની ચોરી કરેલ છે જેથી ખેતર માલિકે આ ત્રણ ઈસમો વિરુધ્ધ ધનસુરા પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાવી હતી જેના આધારે ધનસુરા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

આરોપીના નામ

૧-જીગ્નેશભાઈ રમણભાઈ નાયક
૨-દિનેશભાઈ રમણભાઈ નાયક
૩-અલ્પેશભાઈ દિનેશભાઈ નાયક

ડીસા પંથકનો જિલ્લામાં તડીપાર યુવક ઘરેથી આબાદ ઝડપાયો

ઝેરડાનો યુવક પ્રોહીબિશનના ગુનામાં તડીપાર કરાયો હતો

ડીસા. તા.૧૬

ડીસા પંથકમાંથી તડીપાર કરાયેલ ઈસમ પોતાના ઘરે મળી આવતાં તેને ઝડપી ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પ્રાથમિક વિગતો મુજબ અગાઉ પ્રોહિબિશનના ગુનામાં સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ડીસા દ્વારા એક ઈસમને બનાસકાંઠા જીલ્લામાંથી તડીપાર કરવામાં આવ્યો હતો. જોકે તે ઈસમ તડીપાર હોવા છતાં પોતાના ઘરે આવ્યો હોવાની પોલીસને ચોક્કસ બાતમી મળતાં પંચો સાથે રેઈડ કરી તેને ઝડપી પાડ્યો હતો. આ સાથે ઈસમ વિરૂધ્ધ ડીસા રૂરલ પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

જન્મદિને વધામણી

ભુવનેષ હનીકુમાર અરોરા
બાયડ

ડૉ.અમૃતભાઈ જે. પટેલ
(ઓમ સર્જીકલ હોસ્પિટલ-બાયડ)
બાયડ (રણેચી)

ડૉ.મિતેષભાઈ એમ. સોની
(બંસી ડેન્ટલ ક્લિનીક-બાયડ)
બાયડ (ગાબટ)

ડૉ. અર્થ પ્રકાશભાઈ શાહ
(વલ્લભનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

અતુલકુમાર બી. પ્રજાપતિ
(ઋષિકુંજ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

ઋત્વિક રાકેશભાઈ પટેલ
(મલ્હાર બંગ્લોઝ-બાયડ)
બાયડ, જિ.અરવલ્લી

સંદીપ પરમાર
બાયડ, જિ.અરવલ્લી

શીતલબેન સતિષભાઈ પટેલ
(પ્રા.શિક્ષક : અરજણવાવ પ્રા. શાળા)
(૨, સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

રજત સંજયભાઈ પટેલ
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ(વસાદરા)